સચિવ

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/ ૫૦૩૦-૫૧૧૮
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ: ૧૯/૦૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

**વિષય: વર્ચ્યુઅલ રાષ્ટ્રીય રમકડા મેળામાં ઓનલાઇન લીંકથી રજીસ્ટ્રેશન કરાવવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતીમાં બાળકોને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને શિક્ષણશાસ્ત્રમાં સામેલ કરીને સક્રિય અને આનંદદાયક શિક્ષણપ્રદાન કરવાના લક્ષ્ય સાથે અને દેશી રમકડાંઓને પણ પ્રોત્સાહન આપવા, શિક્ષણ મંત્રાલય સહિતના અન્ય મંત્રાલયોના સહયોગથી રાષ્ટ્રીય રમકડાં મેળાનું આયોજન તારીખ: **27/02/2021 થી 02/03/2021** (દિન- 4) દરમિયાન વર્ચ્યુઅલ મોડથી પ્રથમ રાષ્ટ્રીય રમકડાં મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

રાષ્ટ્રમાં વર્ચ્યુઅલ મોડથી યોજાનાર પ્રથમ રાષ્ટ્રીય રમકડાં મેળામાં આવેલ વિવિધ કૃતિઓને નિહાળવા માટે રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે જે તારીખ **25/02/2021** સુધીમાં કરી શકાશે.

રાજયના શિક્ષકો રાષ્ટ્રીય રમકડાં મેળામાં જોડાય અને તેનો પ્રચાર-પ્રસાર થાય તેમજ મેળામાં પ્રદર્શિત થનાર વિવિધ કેટેગરીના રમકડાનો ઉપયોગ તેઓ પોતાના વર્ગખંડ શિક્ષણમાં કરે તેવા આશયથી રાજયની તમામ પ્રકારની શાળાના તમામ શિક્ષકો સહિત એસ.એમ.સી.ના સભ્યો, સી.આર.સી.સી., બી.આર.સી.સી., મુખ્ય શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ જોડાય અને તેનો લાભ મેળવે તે માટે આ સાથે આપેલ લીંકના માધ્યમથી તારીખ: **27/02/2021 થી 02/03/2021** (દિન- 4) દરમિયાન તેમને જોડાવવા માટે જરૂરી સૂચના આપની કક્ષાએથી કરવા આથી જણાવવામાં આવે છે.

Link www.theindiatoyfair.in

ક્રમાંકઃ-મા.વિ.૧/પરીપત્ર/૨૦૨૧/૧૦૯૮૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખ :૨૦/૦૨/૨૦૨૧

**૨/-ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીરનગરનો પત્ર ક્રમાંકઃજીસીઈઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/૫૦૩૦-૫૧૧૮,તા.૧૯/૨/૨૦૨૧ અન્વયે જાણ તથા ઉપરોકત વિગતે અમલ સારૂ.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/નોન ગ્રાન્ટેડ, માધ્ય.અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner